www.prepp.in

Prepp
Your Personal Exams Guide



# GUJARATI

## ( COMPULSORY )

| Time allowed : Three Hours | Maximum Marks : 300 |
|---|---|

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*All questions are to be attempted.*

*The number of marks carried by a question is indicated against it.*

*Answers must be written in* ***GUJARATI (Gujarati script)*** *unless otherwise directed in the question.*

*Word limit in questions, wherever specified, should be adhered to and if answered in much longer or shorter than the prescribed length, marks may be deducted.*

*Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

---

**Q1.** નીચેના પૈકી ગમે તે એક વિશે લગભગ 600 શબ્દોમાં નિબંધ લખો. **100**

(a) રાજનીતિમાં સ્ત્રીઓની ભૂમિકા

(b) ચીનના આર્થિક વિકાસથી શું ભારતે ડરવું જોઈએ ?

(c) ભારતીય સમાજમાં છૂટાછેડાની સ્વીકૃતિમાં થઈ રહેલી વૃદ્ધિ

(d) શું કડક કાયદા નૈતિકતા સ્થાપી શકે ?

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Q2.** નીચેનો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના સ્પષ્ટ અને સાચા ઉત્તરો તમારી ભાષામાં લખો. *12×5=60*

માનવજાતે ટોળામાં એક સ્થળેથી અન્ય સ્થળે સ્થળાંતર કરવાનું ખેતી લાયક જમીનની શોધમાં અથવા આપખુદ શાસકોના જોરજુલ્મથી બચવા, માન્યતા કે અભિવ્યક્તિની સ્વતંત્રતા શોધવા કે પછી રખડુવૃત્તિથી પ્રેરાઈ જેવાં વિવિધ કારણોથી શરૂ કર્યું ત્યારથી સૈકાઓ પૂર્વે મનુષ્યોની વૈશ્વિક સ્તરે હિજરત શરૂ થયેલી. હિજરતીઓ તેમની સાંસ્કૃતિક મિલકતને તેમના સામાન તરીકે સાથે રાખતા અને તેને નવા સ્થળે પ્રસ્થાપિત કરવા પ્રયાસ કરતા. તેમના રસ્તામાં આવતી અન્ય જાતિઓ સાથે લડાઈ દ્વારા કે વેપાર, લગ્ન કે સામાન્ય સાહસ દ્વારા તેઓ મુકાબલો કરતાં તેમનામાં ભળી જતા. શરૂઆતમાં સંઘર્ષનો તંગ તબક્કો રહેતો, સમય પસાર થયા પછી શાંતિ સ્થપાતી અને પછી શાંતિનાં કળા-કૌશલો ફોરતાં. આપ-લે સંબંધોની તરાહ બનતી. સ્વતંત્ર પરિવેશમાં, કોઈપણ સંસ્કૃતિના વર્ચસ્વ વિના પ્રત્યેક સમૂહ વૈવિધ્યસભર સમાજમાં વિકસતો. એ રીતે મોંગોલિયન પ્રજા અલાસ્કામાં પહોંચી હશે, એંગ્લો સેક્ષન્સ બ્રિટનમાં ગયા હશે અને સંભવતઃ મોસીઝ પસંદ કરેલા લોકોને પવિત્ર પ્રદેશમાં કે આશાસ્પદ પ્રદેશની શોધમાં દોરી ગયો હશે. એ જ રીતે સંભવતઃ કોલંબસ યુરોપિયન પ્રજાને વૈશ્વિક સાહસ પ્રતિ દોરી ગયો હશે. એ પછી જ વસાહતવાદ અન્ય રાષ્ટ્રો અને સંસ્કૃતિઓને જીતવાનું તથા તેમને વિજેતાના આધિપત્ય નીચે આણવાનું સાધન બન્યો. આજે વેપાર-વણજ એક દેશના લોકોને બીજા દેશમાં હિજરત કરવાનું શક્તિશાળી પ્રયોજન છે. આ બધાં સાંસ્કૃતિક સમન્વયનાં દૃષ્ટાંતો છે. પ્રત્યેક સમૂહ અમુક સમય સુધી મૂળ સાથેનો અનુબંધ, ઘરઝુરાપો (નોસ્ટાલ્જિયા) જાળવી રાખે છે; એકાદ બે પેઢી પછી જૂના સંબંધો નામશેષ થઈ જાય છે. બીજી શતાબ્દીમાં તો દુનિયાની વસ્તી માટે તેના જૂના પ્રાદેશિક સંબંધોને જાળવી રાખવાનું સંભવતઃ દુષ્કર થઈ જશે એવી આગાહી કરવાનું સાહસ કોઈ કરશે. તમે જે સમયે જ્યાં રહો છો એ તમારો પ્રદેશ બની જાય છે. તમે તે નવા પ્રદેશના પ્રાકૃતિક પરિવેશ સાથે જોડાઈ જાઓ છો. સ્થાનિકતા વૈશ્વિકતામાં ભળી જાય છે. પોતાની

www.prepp.in

પુરાણી અસ્મિતા ટકાવી રાખનારા જૂજ લોકો જ હશે. સર્વત્ર નવી વ્યવસ્થા જૂની વ્યવસ્થા પર હાવી થઈ ગઈ છે. સંપૂર્ણ રીતે સંયોજિત થયેલી પેઢીઓ ભાવિ પ્રતિ નજર કરનારી અને ગુમાવી દીધેલી ઓળખની આળપંપાળથી મુક્ત હોય છે. કોઈપણ સ્ત્રી કે પુરુષ લાંબા સમય સુધી એકાકી રહી શકે નહિ; કોઈ સંસ્કૃતિ પણ. કેન્દ્રગામી અને કેન્દ્રત્યાગી (કેન્દ્રાપગામી) બળો કેટલોક સમય સક્રિય રહેતા હશે. અસંખ્ય પેઢીઓએ એની માન્યતામાં સલામત અને બહારથી આવતી સઘળી અસરોથી પૂરેપૂરા મુક્ત અને છતાં આપણે જાણીએ છીએ એમ એક સાથે સ્વતંત્ર અને વળી પરતંત્ર, ખૂબ અનાગ્રહી પ્રતિભાવો અને પ્રત્યાઘાતો પ્રત્યે ખૂબ સારા, ખૂબ સંવેદનશીલ, ખૂબ અસલામત, ખૂબ છિદ્રાળુ, ખૂબ ગ્રહણશીલ પ્રત્યેક વ્યક્તિગત નાગરિકના અસ્તિત્વ અર્થે પારાવાર પ્રાર્થના કરી હશે. જનીનતત્વો, રંગસૂત્રો અને RNA પૂરેપૂરા ગંઠાઈ ગયા છે, પ્રત્યેક ચેતાતંતુ પહેલાં શું ગયું છે એને યાદ કરે છે; શરીર, મન અને આત્મા બીજા લોકો શું વિચારે છે, કહે છે અને કરે છે તે પ્રતિ સંવેદનશીલ છે. અજ્ઞાન ભયને પોષે છે, ભય દ્વેષ પેદા કરે છે, દ્વેષ આત્મવિશ્વાસનો નાશ કરે છે અને તે પતન અને વિનાશ નોંતરે છે. કેટલીયે પ્રાચીન સંસ્કૃતિઓ ભૂતકાળમાં આ રીતે નષ્ટ થઈ છે. પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ઈચ્છનારે બીજાને અપનાવવું રહ્યું, બીજું નરક હોય તો પણ.

પ્રશ્નો :

(a) હિજરતી લોકોએ તેમના નવા રહેઠાણના પ્રદેશના લોકો સાથે પહેલાં કેવો વ્યવહાર કર્યો ? *12*

(b) પ્રાચીન કાળમાં લોકોની હિજરત માટે કયાં કારણો હતાં ? અત્યારે થતી હિજરતનાં કારણો કઈ બાબતમાં જુદાં છે ? *12*

(c) સંસ્કૃતિઓ એકમેકમાં કેવી રીતે ભળે છે ? *12*

(d) કેટલીક પ્રાચીન સંસ્કૃતિઓ કેવી રીતે નષ્ટ થઈ ? *12*

(e) કોઈપણ સંસ્કૃતિ માટે એકાકી રહેવું શક્ય નથી એમ લેખક શા માટે કહે છે ? *12*

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

**Q3.** નીચેના ગદ્યખંડનો એક તૃતીયાંશ ભાગમાં સંક્ષેપ કરો. શીર્ષક આપવાનું નથી. **60**

આપણે જ્યારે નોકરી માટે અરજી કરીએ છીએ અને આપણો પરિચય લખીએ છીએ ત્યારે સામાન્યરીતે આપણે આપણા અનુભવ અંગે, આપણી પશ્વાદ્‌ભૂમિકા વિશે અને આપણા વિશે બધી સારી બાબતોને અધોરેખિત કરીએ છીએ, ઉપસાવીએ છીએ. ઘણા લોકો તેમની કારકિર્દીમાં આવેલી બધી મુશ્કેલીઓને છુપાવે છે અને તેમની મહાન સિદ્ધિઓને ઉપસાવે છે. નોકરી આપનારાઓ જ્યારે આવા આત્મપરિચયો વાંચે છે ત્યારે તેમને ઘણીવાર લાગે છે કે પ્રત્યેક ઉમેદવાર કોઈ મહાનતમ વ્યક્તિનું વર્ણન કરે છે. નોકરી મેળવવા માટે આપણે આપણી જાતને શક્ય તેટલી સારી રીતે પ્રસ્તુત કરવાનો પ્રયાસ કરીએ છીએ. દુન્યવી બાબતોમાં આ સર્વસાધારણ છે.

આ બાબતમાં ખેલજગતની એક સત્ય ઘટના છે. એક યુનિવર્સિટીની ફૂટબોલ ટીમ દોડવાની પ્રેક્ટીસ દ્વારા તૈયારી કરી રહી હતી. ખેલાડીઓ પૈકી એકે લાઈનમેનની જવાબદારી અદા કરવાની હતી. આ ઊંચો ખેલાડી રમતમાં ચાવીરૂપ સ્થાને હતો અને ટીમમાં સૌથી ઝડપી લાઈનમેન ગણવામાં આવતો હતો. એક દિવસ તેણે તેના કોચને પૂછ્યું કે પાછા વળતાં શું તે ફૂટબોલની પાછળ ખૂબ ઝડપથી દોડી શકે ? માર્ગદર્શકે તેને રજા આપી.

લાઈનમેન દોડવા માટે રોજ બહાર જતો પણ રોજ સૌથી છેલ્લે આવતો. દિન પ્રતિદિન તે પાછા ફરતાં સૌથી ઝડપથી દોડતો, તેમ છતાં તે પ્રતિદિન હારતો. આ અપેક્ષિત હતું કેમકે સામાન્યરીતે લાઈનમેને પાછા ફરતી વખતે બહુ ઝડપથી દોડવાનું નથી હોતું.

માર્ગદર્શકને એ અજુગતું લાગ્યું. તેણે પોતાની જાતને પૂછ્યું. 'આ ફૂટબોલનો ખેલાડી શા માટે શ્રેષ્ઠ દોડવીરો સાથે રમવા ઈચ્છે છે અને એકધારી રીતે છેલ્લો આવે છે ? તે લાઈનમેન સાથે દોડીને સૌથી ઝડપી ધાવક કેમ નથી થતો ?'

માર્ગદર્શકે યુવાન ખેલાડીને અવલોકયા પછી આખરે, અનેક દિવસો સુધી તેને હારતો જોયા પછી તેને પૂછવાનું નક્કી કર્યું : 'તું પાછળથી દોડીને હારે છે એના કરતાં બીજા લાઈનમેન સાથે દોડીને જીતવાનું પસંદ કરે તો કેવું ?'

ફૂટબોલ ખેલાડીનો જવાબ સાંભળી તેને આશ્ચર્ય થયું. યુવાન ખેલાડીએ કહ્યું, 'હું અહીં લાઈનમેનને હરાવવા માટે નથી. હું જાણું છું કે એ તો હું કરી શકું. હું વધુમાં વધુ ઝડપથી કેવી રીતે દોડી શકાય એ શીખવા માગું છું; અને સાહેબ, તમે જો અવલોકયું હોય તો હું પ્રતિદિન પાછળથી ક્રમશઃ ઓછા માર્જિનથી હારું છું.'

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

આપણી આધ્યાત્મિક પ્રગતિનું રહસ્ય આ બાબતમાં છુપાયેલું છે. સાંસારિક બાબતોમાં આપણે હંમેશા સારામાં સારા દેખાવા માગીએ છીએ. પરંતુ આધ્યાત્મિક બાબત હોય ત્યારે આપણે ઈશ્વરથી કેટલા છેટા છીએ એ આપણે સંતાડી શકતા નથી. ભગવાન માટે આપણી પ્રગતિ ખુલ્લી કિતાબ જેવી છે. આધ્યાત્મિક ઉન્નતિ માટેની કૃપા આપણા સન્નિષ્ઠ પ્રયાસો પર અવલંબિત છે. આપણે આધ્યાત્મિક સિદ્ધિઓ અને મર્યાદાઓનું સત્ય સૃષ્ટાથી છુપાવી શકતા નથી.

ફૂટબોલ ખેલાડી સમજી શક્યો કે અગાઉની સફળતાને આધારે તે વધુ સારો દેખાવ નહીં કરી શકે. તે જાણતો હતો કે પોતાની જાતને પડકાર ફેંકીને જ આગળ વધી શકશે. ધાવક તરીકેની પોતાની નબળાઈઓ જોઈને તેણે તેને સુધારવા મથવાનું હતું. તે જે બાબતમાં પ્રભુત્વ પ્રાપ્ત કરવા ઈચ્છતો હતો તેમાં તેના કરતા જે ચડિયાતા હતા તેમની સ્પર્ધા કરીને તે પોતાની મર્યાદાઓ જોવા અને પછી તેને દૂર કરવા માગતો હતો. તે પોતાની ક્ષમતાને ઉત્તરોત્તર સુધારવા માગતો હતો, માત્ર વિજય મેળવીને પ્રશંસા પ્રાપ્ત કરવા નહિ.

બીજા ધાવકો શું કરતા હતા તે આ ફૂટબોલ ખેલાડી જોઈ શકતો હતો અને એ ક્ષમતાને વિકસાવવા મથતો હતો. પરાજયો તેને બીજા દિવસે વધુ સારો દેખાવ કરવા શું કરવું જોઈએ એ દર્શાવતા હતા. એમ કરીને પ્રતિદિન તે વધુ ને વધુ ઓછા માર્જિનથી હારતો હતો.

આપણે જ્યારે આપણી નિષ્ફળતાઓને જોઈએ છીએ ત્યારે પ્રતિદિન વધુ સારો દેખાવ કરવા શું કરવું જોઈએ એ આપણે જાણી શકીએ છીએ. વધુ પ્રયાસ કરવાથી બીજા દિવસે આપણી નિષ્ફળતા ઓછી થતી જાય છે. એક સમયે આપણે એ સ્થિતિએ પહોંચી શકીએ છીએ જ્યારે આપણા પ્રયાસોને પરિણામે એક પણ ભૂલ જાતી નથી.

આપણે ઈશ્વરથી આપણી મર્યાદાઓ છુપાવી શકતા નથી, કેમકે તે સઘળું જુએ છે. ઈશ્વર ઈચ્છે છે કે આપણે આપણી ક્ષતિઓને દૂર કરવા સન્નિષ્ઠ પ્રયાસો કરીએ. આપણે આપણી મર્યાદાઓ દૂર કરવા પ્રામાણિક પ્રયત્ન કરીએ છીએ અને એમાં આપણને મુશ્કેલી પડે છે ત્યારે પણ આપણી નિષ્ઠાની નોંધ ઈશ્વર લે છે. ત્યારે ઈશ્વર અનુકંપા અને કૃપા સાથે પ્રતિભાવ આપે છે. આ રીતે, આપણે જો હજુ મથામણ કરતા હોઈએ તો પણ આપણને સહાય સાંપડે છે. ઈશ્વર આપણને આપણી મર્યાદાઓ પર વિજય પ્રાપ્ત કરી પ્રગતિ કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડે છે. (628 શબ્દ)

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Q4.** નીચેના ગદ્યખંડનો ગુજરાતીમાં અનુવાદ કરો. **20**

Most people involved in the film production industry know that there is a constant evolution. The change is in the way movies are made, discovered, marketed, distributed, shown, and seen. Following independence in 1947, the 1950s and 60s are regarded as the 'Golden Age' of Indian cinema in terms of films, stars, music and lyrics. The genre was loosely defined, the most popular being 'socials', films which addressed the social problems of citizens in the newly developing state. In the mid-1960s, camera technology revolutionized the documentary method by enabling the synchronized recording of image and sound. Today, CINEMA 4D users are free to create scenes without worrying about the size of objects or how many objects are in the scene, shaded settings, texture size, multipass-rendering or eye-catching particle systems.

Until the 1960s, film-making companies, many of whom owned studios, dominated the film industry. Artistes and technicians were either their employees or were contracted on a long-term basis. Since the 1960s, however, most performers went the freelance way, resulting in the star system and huge escalations in film production costs. Financing deals in the industry also started becoming murkier and murkier, since then. According to estimates, the Indian film industry has an annual turnover of ₹ 60 billion. It employs more than 6 million people, most of whom are contract workers as opposed to regular employees. In the late 1990s, it was recognized as an industry.

More money impacted the perception, visual representation, and definitions of reality. Like any other media of mass communication, the themes are relevant to their times.

Thus, film-making became more expensive and riskier. As opposed to the time of the Gemini Studios, when only 5 percent of a movie was shot outdoor, film-makers often select overseas locations in order to create greater realism, manage costs more efficiently or source people and props. Film-makers spend considerable time scouting for the perfect location.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

Q5. નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો. 20

વિનોદવૃત્તિ મનુષ્યો, પદાર્થો કે પરિસ્થિતિઓની રમૂજની લાગણીઓ જગાડવાની શક્તિ કે લાક્ષણિકતા છે. આ સંજ્ઞા મનોરંજન કે માનવીય અવગમનના એ આકારને આવરી લે છે જે આવી લાગણીઓ જગાડે છે કે લોકોને હસવા કે ખુશ થવા પ્રેરે છે.

વિવેચન પરિચિત અર્થઘટન કે મૂલ્યાંકનની પ્રવૃત્તિ છે. વિધેયાત્મક વિવેચન એ અવગમનની એવી આકૃતિ છે જેમાં વ્યક્તિ બીજી વ્યક્તિની વર્તણૂંકને બિનઅધિકૃતરીતે સુધારવા પ્રયાસ કરે છે અને સામાન્યરીતે એ અન્ય મનુષ્ય સામાજિકરીતે જે અનુચિત કરતો હોય તેના પ્રત્યેનો મુત્સદ્દીપૂર્ણ અભિગમ છે. આદેશ કે અપમાનના વિરોધે એ વિધેયાત્મક છે અને શાંતિપૂર્ણ તથા સૌહાર્દપૂર્ણ અભિગમથી સુધારણા કરવા તાકે છે.

કટાક્ષ ખૂબ જ ચોક્કસ એવી સાહિત્યિક સંજ્ઞાઓ પૈકીની એક છે; મોટે ભાગે એનું નિશ્ચિત લક્ષ્ય હોય છે, એ કોઈ વ્યક્તિ હોય કે માણસોનો સમૂહ, કોઈ વિચાર કે અભિગમ, સંસ્થા કે સામાજિક રીતરસમ. કોઈપણ બાબતમાં, તેનું નિશાન મજાક કરવાનું હોય છે.

કટાક્ષમાં મોટે ભાગે ક્રોધ અને હાસ્ય સમાવિષ્ટ હોય છે તેથી તે વેધકરીતે અસ્વસ્થ કરનાર હોઈ શકે અને મૂળભૂતરીતે તે વક્ર છે, તેમાં જેને વિડંબના કહે છે એ વક્તાનો ભાર રહેલો હોય છે તેથી તે મોટે ભાગે ગેરસમજ જન્માવે છે.

તે એવું કળાત્મક સ્વરૂપ છે જેમાં મનુષ્ય કે વ્યક્તિનાં દુર્ગુણો મૂર્ખામી, બદીઓ અને મર્યાદાઓને મજાક, મશ્કરી, પરિહાસ, વિડંબના કે અન્ય પદ્ધતિઓની મદદથી નિશાન બનાવવામાં આવે છે, કેટલીકવાર સુધારણા કરવાના ઉદ્દેશથી. સાહિત્ય અને નાટક એનાં મુખ્ય વાહનો છે, પરંતુ ફિલ્મ્સ, દશ્ય કળાઓ અને રાજનૈતિક કાર્ટુન્સ જેવાં માધ્યમોમાં પણ તે જોવા મળે છે. હોરેસના મતે હાસ્યકાર એવો વિશ્વ નાગરિક છે જે સર્વત્ર મૂર્ખતા જુએ છે પરંતુ તેના પર ગુસ્સે થવા કરતાં તે માર્મિક હસી લે છે.

**Q6. (a) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોજો.** ***2×5=10***

(i) આંખનું રતન 2

(ii) ચૂલામાં બિલાડાં આળોટવાં 2

(iii) આંગળી આપવી 2

(iv) ઊડતાં ચકલાં પાડવાં 2

(v) ઓવારણા લેવાં 2

www.prepp.in

(b) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. 1×5=5

(i) એક જ સમયમાં સાથે થઈ જનાર 1

(ii) વણ તૂટેલા ચોખા 1

(iii) જૂનાં બાંધકામોનું સમારકામ 1

(iv) પ્રણામ કરવાની વિધિ 1

(v) પ્રણયીજનોની નજરોનું મિલન 1

(c) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો. 5

અભિજ્ઞ, ઉષા, ધન, અદ્વૈત, અતીત

(d) નીચેના શબ્દોની જોડણી સુધારો. 5

ચૂપકિદી, દિવાસળિ, પુર્ણાહુતી, ફીલસૂફિ, વીજાતિય

(e) નીચેના શબ્દોના પર્યાયવાચી શબ્દ આપો. 5

રશ્મિ, પુત્ર, બહેન, મોર, સુંદરી

(f) નીચેની કહેવતોના અર્થ આપો. 2×5=10

(i) અગત્સ્યના વાયદા 2

(ii) આગે આગે ગોરખ જાગે 2

(iii) ઊંટ મરે ત્યારે મારવાડ સામે જુએ 2

(iv) એક તો કારેલું ને પાછું લીમડે ચઢયું 2

(v) કાગડો દહીંથરું લઈ ગયો 2